Registration Fees : Rs. 300/-
(Non Refundable)

**Ordinary**

*Annexure-1*

ઉદ્યોગ અને ખાણ વિભાગના તા. ૦૫-૧૦-૨૦૨૪ના ઠરાવ ક્રમાંક : IMD/WRT/e-file/9/2023/2848/D.2

| ગેઝેટ રજી. નં. | |
|---|---|

# ગુજરાત સરકાર
## નિયામકશ્રી, સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી, ગાંધીનગર
## સાધારણ ગેઝેટમાં નામ/અટક બદલવા અંગેનું નોટિસ ફોર્મ

અરજદારનો ફોટો

**પ્રતિ,**
વ્યવસ્થાપકશ્રી,
સરકારી મુદ્રણાલય અને લેખનસામગ્રી,
રીડ ક્લબ રોડ, નવી કલેક્ટર કચેરી પાસે, રાજકોટ-૩૬૦ ૦૦૧.

**મહાશય,**

અમોએ આ સાથે આપેલી સૂચનાઓ કાળજીપૂર્વક વાંચી છે, સમજી છે અને તમામ સૂચનાઓ અમોને બંધનકર્તા છે. ગુજરાત સરકારના રાજપત્ર ભાગ-૨માં સાધારણ નોટિસ પ્રસિદ્ધિ માટે મોકલેલ આ ફોર્મમાં જણાવેલ વિગતો ખરી છે અને રજૂ કરેલ આધારો અમારી જાણ મુજબ સાચા છે. સાધારણ ગેઝેટમાં નામ પ્રસિદ્ધ કરવા અંગેની સંપૂર્ણ જવાબદારી મારી રહેશે. અરજી કર્યા તારીખે મારી/સગીરની ઉંમર ................ વર્ષની છે. અમો ભારતીય નાગરીક છીએ અને ગુજરાતમાં ................ વર્ષથી વસવાટ કરીએ છીએ.

| | |
|---|---|
| **જુનું પુરેપુરૂં નામ** | |

**બદલીને**

| | |
|---|---|
| **નવું પુરેપુરૂં નામ** | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| **અરજદારનું કાયમી સરનામું** | | | | | |
| | | | | | |
| | **ગામ/શહેર** | | **તાલુકો** | | **જિલ્લો** |
| | **પીન કોડ** | | **મોબાઈલ** | | |

***** અરજદારે પોતાનો મોબાઈલ નંબર આપવો. જેથી SMS અપડેટ્સ મળી શકે.***

| | | |
|---|---|---|
| **ઓનલાઈન/ મનીઓર્ડરથી/ રૂબરૂ નાણાં ભર્યાની વિગતો** | **ઓનલાઈન ફોર્મ સાથે સંબંધિત અરજદારના નાણા ભર્યા અંગેની રસીદની ઝેરોક્ષ જોડવી.** | રજીસ્ટ્રેશન ફી ₹ ***૩૦૦/-*** |
| | **ઓનલાઈન પહોંચ નં.** .................................................... **તા.** ............................<br>**મનીઓર્ડર પહોંચ નં.** .................................................... **તા.** ............................<br>**નાણાં રૂબરૂ ભર્યા હોય તો કચેરીના રીસીપ્ટ નં.** ....................................................<br>કેશીયરની સહી **તા.** ............................ | ***અંકે રૂપિયા ત્રણસો પુરા (નોન રીફંડેબલ)*** |

| | |
|---|---|
| **અભણ વ્યક્તિના કિસ્સામાં**<br>**સાક્ષીની સહી :**<br>**સાક્ષીનું નામ :**<br>**સાક્ષીના રહેઠાણનું સરનામું :** | **અરજદારની સહી/ અંગૂઠાનું નિશાન** **X**<br>**(સગીરના કિસ્સામાં વાલી/માતા/ પિતાની સહી અથવા અંગૂઠાનું નિશાન)** |

| | | | |
|---|---|---|---|
| **બિડાણ** | ૧. | ૨. | ૩. |
| | ૪. | ૫. | ૬. |

**ફોર્મ ચકાસણી કરનારની સહી, નામ અને તારીખ :**

**Registration Fees : Rs. 300/-**
**(Non Refundable)**

***Annexure-1***

# નામ/અટક પ્રસિધ્ધિ અંગેની સૂચનાઓ

| | |
|---|---|
| ૧ | નામ/અટક બદલી અંગે પુખ્ત અરજદારે તાજેતરમાં પડાવેલ પાસપોર્ટ સાઈઝનો ફોટો નોટિસ ફોર્મ સાથે સહી કરી લગાવવાનો રહેશે. જુનું નામ બદલીને નવું નામ તથા રહેઠાણના સરનામાની સંપૂર્ણ વિગતો સોગંદનામામાં દર્શાવવાની રહેશે. ફોર્મ સાથે સરકારી આધાર જેમ કે ચૂંટણી ઓળખપત્ર/પાન કાર્ડ/આધાર કાર્ડ/ડ્રાઈવીંગ લાયસન્સ/પાસપોર્ટ/રેશનીંગ કાર્ડ/ટેલીફોન બીલ/લાઈટ બીલ/ઘરવેરા બીલમાંથી કોઈપણ એક ફોટો ID તેમજ કોઈપણ એક રહેઠાણનો પુરાવો એમ કુલ બે દસ્તાવેજની સ્વપ્રમાણિત/ખરી નકલ રજૂ કરવાની રહેશે. |
| ૨ | ગેઝેટમાં પ્રસિધ્ધ કરવા અંગેનું નોન જ્યુડિશિયલ સ્ટેમ્પ પેપર ઉપર ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટ / એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અથવા નોટરીના સહી સિક્કા સાથેનું ***ગેઝેટ પ્રસિધ્ધિના હેતુવાળુ અધતન સોગંદનામું અસલમાં*** રજૂ કરવાનું રહેશે. |
| ૩ | ૧૮ વર્ષ (અઢાર વર્ષ) કરતાં નાની ઉંમરના સગીર અરજદારના કિસ્સામાં જરૂરી સોગંદનામું પિતા/માતા/વાલીએ કરવાનું રહેશે. સોગંદનામું વ્યક્તિગત ધોરણે અલગ અલગ આપવાનું રહેશે. સગીર અરજદારના પુરાવા રૂપે જન્મ તારીખનો પુરાવો પ્રમાણિત કરાવી અરજી સાથે રજૂ કરવાનો રહેશે. |
| ૪ | પુનઃલગ્નનાં કિસ્સામાં અરજદાર દ્વારા સોગંદનામામાં વિગતવાર ઉલ્લેખ કરીને સૂચવેલ ફેરફારને કોર્ટ દ્વારા અપાયેલ લગ્ન વિચ્છેદનો હુકમ (ડાયવોર્સ ડીડ) અને પુનઃલગ્નના આધાર તેમજ માતા અને પિતાના સોગંદનામાના આધારે બાળકોના નામ પાછળ પિતાના નામ/અટક બદલીને ફેરફાર પ્રસિધ્ધ કરી શકાશે, આવી પ્રસિધ્ધિ અંગે અરજદારની વ્યકિતગત જવાબદારી રહેશે. જેને કોઈ કાનૂની પીઠબળ મળશે નહી. |
| ૫ | દત્તક વિધાનમાં કાયદાકીય ગુંચ તેમજ વારસાઈ અને મિલકતને લગતી બાબતો હોઈ હિન્દુ દત્તક વિધાન અને ભરણપોષણ અધિનિયમ-૧૯૫૬ અન્વયે અધતન જોગવાઈ/સુધારા મુજબનું દત્તક વિધાન રજૂ કર્યેથી નામમાં ફેરફારને પ્રસિધ્ધિ આપી શકાશે. |
| ૬ | અરજદાર તેમના પિતાના નામમાં કોઈપણ ફેરફાર કરાવી શકશે નહિ અને જો તેમના પિતાના નામમાં ફેરફાર કરાવવાનું હશે તો તેમના હયાત પિતાએ પ્રથમ નામ-બદલી ફેરફાર કરવાનું રહેશે. સાથોસાથ અરજદારે તે આધારે નામ ફેરફાર માટે નિયત ફોર્મ ભરી અરજી કરવાની રહેશે. |
| ૭ | (અ) પરણિત સ્ત્રી પિતાનું નામ/અટક બદલીને પતિનું નામ ધારણ કરવા ઈચ્છતાં હોય તેવા સ્ત્રી અરજદારે લગ્ન અંગેની કંકોત્રી અથવા લગ્નના પ્રમાણપત્રની સ્વપ્રમાણિત/ખરી નકલ રજૂ કરવાની રહેશે. ***અથવા તો***<br>(બ) સ્ત્રી અરજદારના લગ્નને લાંબો સમયગાળો વીતી ગયેલ હોય અને લગ્ન પત્રિકા અપ્રાપ્ય હોય તેવા કિસ્સામાં સરકારી રેકર્ડ જેવા કે રેશનકાર્ડ, ચૂંટણીકાર્ડ, પાનકાર્ડ, આધાર કાર્ડમાં સંબંધિત નામનો ઉલ્લેખ દર્શાવેલ હોય તેવા કિસ્સામાં પતિ અને પત્નિના સંયુક્ત સોગંદનામા તથા જો પતિ હયાત ન હોય તો મરણનું પ્રમાણપત્ર અને સરકારી આધારોને ધ્યાને લઈ નામની પ્રસિધ્ધિ આપી શકાશે. |
| ૮ | છૂટાછેડાના કિસ્સામાં સ્ત્રી અરજદારે નામદાર કોર્ટના લગ્ન વિચ્છેદનો હુકમ (ડાયવોર્સ ડીડ)ની સ્વપ્રમાણિત/ખરી નકલ, ગેઝેટ પ્રસિધ્ધીના હેતુવાળુ અસલ સોગંદનામું, (એફીડેવીટ) રજૂ કર્યેથી નામ/અટક અંગે પ્રસિધ્ધિ આપવામાં આવશે. |
| ૯ | કુંવારી માતાના કિસ્સામાં બાળકના નામ પાછળ માતાનું નામ પ્રસિધ્ધ કરવા સંયુક્ત ફોટા સહિતનું અસલ સોગંદનામું સૂચના ક્રમાંક-૨ મુજબ તેમજ બાળકના જન્મના પ્રમાણપત્રની સ્વપ્રમાણિત/ખરી નકલ અરજદારની સહી સાથે નોટિસ ફોર્મ સાથે રજૂ કરવી. |
| ૧૦ | બાળકના નામ પાછળ માતાનું નામ પ્રસિધ્ધ કરવા બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટના વિવિધ ચૂકાદાને આધીન છુટાછેડાના કિસ્સામાં બાળકનો કબજો કાયદેસર રીતે માતા પાસે હોય તેવા કિસ્સામાં આધાર રજૂ કર્યેથી તેમજ બાળક અને માતાનું સોગંદનામું (એફિડેવીટ) ના આધારે બાળકના નામ પાછળ માતાનું નામ/અટકને પ્રસિધ્ધિ આપી શકાશે. |

Registration Fees : Rs. 300/-
(Non Refundable)

*Annexure-1*

# નામ/અટક પ્રસિધ્ધિ અંગેની સૂચનાઓ

| | |
|---|---|
| ૧૧ | જાતિય પરીવર્તનથી સ્ત્રીમાંથી પુરૂષ અથવા પુરૂષમાંથી સ્ત્રી બનેલા અરજદારે નામ ફેરફાર માટે મેડીકલ બોર્ડનું સિવિલ સર્જનનું પ્રમાણપત્ર તેમજ સોગંદનામું આપવું. |
| ૧૨ | દક્ષિણના તથા અન્ય રાજ્યોની રૂઢી કે નામાભિધાન/વ્યકિતગત ઓળખ (ID) અલગ હોઈ અરજદારે રજૂ કરેલ ગેઝેટ પ્રસિધ્ધીનું હેતુલક્ષી અસલ સોગંદનામું તેમજ સરકારી આધારો રજૂ કર્યેથી નામની પ્રસિધ્ધિ આપવામાં સરકારની કોઈ જવાબદારી રહેતી નથી. આવી પ્રસિધ્ધિ અંગે અરજદારની વ્યકિતગત જવાબદારી રહેશે, જેને કોઈ કાનૂની પીઠબળ મળશે નહી. |
| ૧૩ | ઉદ્યોગ અને ખાણ વિભાગના તા. ૦૫-૧૦-૨૦૨૪ ના ઠરાવ ક્રમાંક : **IMD/WRT/e-file/9/2023/2848/D.2** મુજબ નામ, અટક તેમજ જન્મ તારીખ બદલવા અંગેની સાધારણ ગેઝેટમાં પ્રસિદ્ધિ માટે હવેથી તમામ અરજદાર માટે ₹ ૩૦૦/- રજીસ્ટ્રેશન ફી (નોન રીફંડેબલ) તરીકે નક્કી કરવામાં આવે છે. નામ, અટક અને જન્મ તારીખ માટેના ફોર્મ વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાય છે. |
| ૧૪ | ગેઝેટનાં **e-Publishing** ઠરાવ તા. ૦૩-૦૭-૨૦૨૧ ના ક્રમાંક : મદણ/૧૧૨૦૨૦/૬૭૨/ડી-૨ થી કાર્યવાહીનો અમલ થતાં નકલોનું છાપકામ કરવાનું રહેતું ન હોવાથી કોઈપણ કચેરી કે અરજદારોને ગેઝેટની નકલો પુરી પાડવાની/ વિતરણ કરવાની રહેતી નથી. અરજદારે દર્શાવેલ વેબસાઈટ **https://egazette.gujarat.gov.in** ઉપરથી અંકની PDF ફાઈલ ડાઉનલોડ કરી જરૂરિયાત મુજબની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે. |
| ૧૫ | ગેઝેટ અંગે કાયદાકીય પ્રશ્ન ઉપસ્થિત થાય તો તે અંગે ગેઝેટ પ્રસિધ્ધ કરાવનારની સંપૂર્ણ જવાબદારી રહેશે. |
| ૧૬ | રૂબરૂ ફી સ્વીકારવાનો સમય સોમવાર થી શુક્રવાર સવારના ૧૧:૦૦ થી ૪:૦૦ સુધી. પહેલા, ત્રીજા અને પાંચમા શનિવારે સવારના ૧૧:૦૦ થી ૨:૦૦ સુધી. બીજો/ચોથો શનિવાર અને જાહેર રજાના દિવસે તેમજ રીસેશના સમયે બપોરે ૨:૦૦ થી ૨:૩૦ દરમ્યાન રૂબરૂ ફી સ્વીકારવામાં આવતી નથી. |
| ૧૭ | **મનીઓર્ડર અને નોટિસ ફોર્મ વ્યવસ્થાપક, સરકારી મુદ્રણાલય અને લેખનસામગ્રી, રીડ કલબ રોડ, નવી કલેકટર કચેરી પાસે, રાજકોટ-૩૬૦૦૦૧ ના સરનામે મોકલવું.** મનીઓર્ડર અરજદારના જુના નામથી જ મોકલવું અને નોટિસ ફોર્મમાં મનીઓર્ડરની સંપૂર્ણ વિગત દર્શાવવી. **<u>અથવા</u>** **નામ/અટક બદલવાનું નોટિસ ફોર્મ https://egazette.gujarat.gov.in વેબસાઈટ પર લોગીન થવાથી ઓનલાઈન ભરી શકાય છે અને નામ/અટક બદલવાની રજીસ્ટ્રેશન ફી https://egazette.gujarat.gov.in વેબસાઈટ પરથી ઓનલાઈન ભરી શકાય છે.** |
| ૧૮ | છેકછાક કે અવાચ્ય અક્ષરે ભરેલ નોટિસ ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ. તેમજ તે માટે પ્રેસ જવાબદાર રહેશે નહિ. |
| ૧૯ | જન્મ તારીખ અંગેની જાહેરાત સરકારના રાજપત્રમાં પ્રસિધ્ધિ માટે અલાયદુ નિયત ફોર્મ ભરવું અને તે ફક્ત ગુજરાતી ભાષામાં પ્રસિધ્ધિ આપવામાં આવે છે. સાચી જન્મ તારીખ જન્મ-મરણ રજીસ્ટ્રાર કચેરીમાં નોંધાયેલને માન્ય રાખવામાં આવશે. |
| ૨૦ | જો બે મહિનામાં રાજપત્રમાં પ્રસિદ્ધિ ન મળે તો ફી ભર્યાની વિગત, રજીસ્ટ્રેશન નંબર અને તારીખ સાથે પત્ર/ઈ-મેઈલ દ્વારા રજૂઆત કરવી. |
| ૨૧ | ગુજરાત સરકારના રાજપત્રમાં કોઈ દોષ રહી ગયા હોય, તો રાજપત્ર પ્રસિધ્ધ થયા તારીખથી એક મહિનામાં વ્યવસ્થાપક, સરકારી મુદ્રણાલય અને લેખનસામગ્રી, રાજકોટને તેની લેખિતમાં જાણ કરવી. તે પછી જણાવેલી બાબત પર ધ્યાન આપવામાં આવશે નહિ. |
| ૨૨ | ગુજરાત સરકારના રાજપત્રમાં નામ-અટક બદલીની જાહેરાત પ્રસિધ્ધ થવાથી સંબંધિત વ્યક્તિને સરકારી કે બીજા રેકર્ડમાં નામ-અટક બદલવાનો કોઈપણ કાયદાકીય જોગવાઈથી ઉપરનો કોઈ હક્ક મળતો નથી. નોટિસ પ્રસિધ્ધ કરવી એ જાહેર ખબર છે. આ જાહેરાતના ખરાપણા વિશે તેમજ નામ/અટક બદલવાની નોટિસ અનધિકૃત વ્યક્તિએ આપેલી હોય તો સરકારની કોઈ જવાબદારી રહેતી નથી. ગેઝેટમાં બદલાવેલ નામ-અટક કોઈ અધિકૃત રેકર્ડ કે પુરાવો નથી. ગેઝેટમાં નામ પ્રસિધ્ધિની જાહેરાત અંગેની અરજીનો સ્વીકાર કે અસ્વીકારનો સરકારશ્રીનો નિર્ણય આખરી ગણાશે. |
| ૨૩ | નામ/અટક બદલવાના ફોર્મ નોટિસ સ્વીકાર કરવાના પ્રસંગે અથવા અસ્વીકાર કરવાના પ્રસંગે અરજદારે રજૂ કરેલ અસલ સોગંદનામું તથા અન્ય સંલગ્ન દસ્તાવેજો અરજદારને પરત કરવામાં આવતા નથી. |
| ૨૪ | નામ/અટક ફેરફાર અંગેના પત્ર વ્યવહાર/E-mail માં અત્રેથી ફાળવેલ ગેઝેટ રજીસ્ટ્રેશન નંબર અને તારીખ તેમજ અરજદારના મોબાઈલ નંબરનો ઉલ્લેખ કરવો આવશ્યક છે. |
| ૨૫ | વખતોવખત સરકારશ્રી દ્વારા નામ/અટક ફેરફારને લગતા જરૂરી આદેશો/સૂચનાઓ/નિયમો/જોગવાઈઓ અરજદારને બંધનકર્તા રહેશે તથા કાયદાકીય ન્યાયક્ષેત્ર રાજકોટ રહેશે. |

Registration Fees : Rs. 300/-
(Non Refundable)

*Annexure-1*

**નીચેની વિગતોને ગેઝેટ (રાજપત્ર)માં પ્રસિધ્ધિ આપવામાં આવતી નથી.**

૧. જ્ઞાતિ-પેટા જ્ઞાતિને પ્રસિધ્ધિ આપવામાં આવતી નથી.
૨. જન્મ સ્થળ ફેરફાર કરવા અંગેની નોટિસને પ્રસિધ્ધિ આપવામાં આવતી નથી.
૩. અવસાન પામેલા વ્યક્તિઓના નામ ફેરફારના કિસ્સામાં પ્રસિધ્ધિ આપવામાં આવતી નથી.
૪. ગુમ થયેલા વ્યકિતના નામમાં ફેરફાર કરવાની માંગણી સ્વીકારવામાં આવતી નથી.
૫. અરજદારના નામ આગળ સંબોધવામાં આવતા વિશેષણ/પદવી/ઉપનામ વિગેરેના ઉલ્લેખ સાથે નામમાં ફેરફારને પ્રસિધ્ધિ આપવામાં આવતી નથી.
૬. વિદેશી નાગરિકના નામ/અટક બદલી અંગેના ફેરફારને પ્રસિધ્ધિ આપવામાં આવતી નથી.

**ગેઝેટ અંગેની પુછપરછ માટે નીચેના ઈ-મેઈલ આઈડી / ફોન પર જરૂરી માહિતી સાથે સંપર્ક કરવો.**

**Phone : 0281-2540016, 2540017, 2479244**

**Email-Id : gazette-helpline-rjt@gujarat.gov.in**

**ગેઝેટ મેળવવા માટેની વેબસાઈટ**

**https://egazette.gujarat.gov.in**

**ઓનલાઈન e-Gazette ડાઉનલોડ કરવા માટે :**

૧. સૌપ્રથમ https://egazette.gujarat.gov.in વેબસાઈટ ઓપન કરવી.
૨. હોમપેજ પર દર્શાવેલ Search Gazette Here ઓપ્શન પર કલીક કરવું.
૩. મુદ્રણાલયનું નામ Government Press & Stationery, Rajkot પસંદ કરવું.
૪. ઈ-ગેઝેટનો પ્રકાર Ordinary પસંદ કરવો.
૫. ઈ-ગેઝેટનો ભાગ Part-II પસંદ કરવો.
૬. જો ઈસ્યુ નંબર, વર્ષ કે તારીખની વિગત પ્રાપ્ય હોય તો તે મુજબ વિગત ભરવી.
૭. છેલ્લે Search પર કલીક કરવું.
૮. ઈ-ગેઝેટ સર્ચનું પરિણામ લીસ્ટમાં પ્રિવ્યુ પર કલીક કરવાથી ઈ-ગેઝેટનું પ્રથમ પેજ દેખાશે.
૯. ઈ-ગેઝેટ ઈસ્યુની ડાઉનલોડ કરેલ PDF ફાઈલ ખોલી તેમાં અરજદારે જે ભાષામાં ફોર્મ ભરેલ હશે તે ભાષામાં નામ સર્ચ કરી શકાશે.
૧૦. PDF ફાઈલ વિના મૂલ્યે ડાઉનલોડ અને પ્રિન્ટ કરી શકાશે.

**નામ/અટક બદલી, જન્મ તારીખ બદલી અંગેનું ફોર્મ https://egazette.gujarat.gov.in અને https://dgps.gujarat.gov.in પરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે તેમજ રાજકોટ કચેરી ઉપરાંત નીચે મુજબના સ્થળોએ પણ વિના મૂલ્યે ઉપલબ્ધ થશે.**

◈ શ્રેયાન વ્યવસ્થાપક
સરકારી મધ્યસ્થ પ્રેસ,
સેકટર-૨૯, ઘ-૭ સર્કલ પાસે, ગાંધીનગર.

◈ કચેરી અધિક્ષક
સરકારી પુસ્તક ભંડાર,
હલુરીયા ચોક, ભાવનગર.

◈ કચેરી અધિક્ષક
સરકારી પુસ્તક ભંડાર,
આઝમખાન પેલેસ, ભદ્રકાળી મંદિરની બાજુમાં,
લાલ દરવાજા, અમદાવાદ.

◈ કચેરી અધિક્ષક
સરકારી પુસ્તક ભંડાર,
સરકારી મુદ્રણાલય અને લેખનસામગ્રી,
આનંદપુરા, કોઠી રોડ, વડોદરા.